# હાથીભાઈ તો હૅન્ડસમ!



હાથીભાઈ તો હૅન્ડસમ!

બધા મિત્રો રમતા હતા.

ત્યાં નાનકડા હાથીભાઈ આવ્યા.

**"મારે પણ રમવું છે!**
**મિત્રો, મને પણ તમારા સૌની સાથે રમાડો ને!"**
હાથીભાઈએ કહ્યું.


મોટ્ટા ડોળા તાણી, સસલો બોલ્યો,
**"ના, ભાઈ ના! તને ના રમાડીએ! તું કેવો જાડોભમ છે!"**

**"હા, ને કેવો મોટ્ટો-મોટ્ટો છે!"**
હરણે પણ સસલાની વાતને ટેકો આપતાં કહ્યું.

હાથીભાઈ બોલ્યા,
**"અરે, મિત્રો હું તમારા સૌના જેવો જ છું!**
**હું તમારો મિત્ર જ છું!"**



**"ના, ના, ના!"**
ખિસકોલીએ ફટાક દઈને કહ્યું,
**"તું અમારા જેવો બિલકુલ નથી!**
**ને અમારો મિત્ર પણ નથી, હોં!"**



"તો મને તમારો મિત્ર બનાવી લો ને!
મારે પણ તમારી સાથે રમવું છે!"
હાથીભાઈએ વિનંતી કરી.


લાંબા હોઠ કાઢતાં ઊંટ બોલ્યું,
"ના, ભૈ ના! તને તે વળી મિત્ર બનાવાય?
તારી સૂંઢ તો જો! કેવી વાંકી છે!"

"ને પૂંછડી સાવ ટૂંકી-ટૂંકી!"
બિલાડાએ 'હા... હા... હા...' કરતાં હાંસી ઉડાવી.

પછી તો બધાંય 'હા-હા-હી-હી' કરતાં
હાથીભાઈ પર હસવા લાગ્યાં!
બધાંય એમની મજાક
ઉડાવવા લાગ્યાં!


નાનકડા હાથીભાઈને તો ખૂબ
લાગી આવ્યું. એ તો નિરાશ થઈ ગયા.
નીચું જોઈને, ત્યાંથી ચાલતા થયા.
એની આંખોમાંથી ડબ-ડબ કરતાં
આંસુ પડવા લાગ્યાં!

રડતાં-રડતાં હાથીભાઈ ચાલ્યા
જતા હતા ત્યાં રસ્તામાં
સામે એક વાંદરો મળ્યો.
હાથીભાઈની આંખે આંસુ
જોઈને વાંદરાને તો નવાઈ
લાગી!




તેણે હાથીભાઈને રોક્યા ને પછી એમને પૂછ્યું,
“હાથીભાઈ, દોસ્ત! કેમ તમારી આંખોમાં આંસુ?
કેમ તમે આમ નિરાશ? શું થયું?”

હાથીભાઈ તો નિમાણા થઈને બોલ્યા,
“શું વાત કરું યાર, આ આપણા બધાય મિત્રો રમતા
હતા; ત્યાં હું પણ રમવા ગયો! તો બધાએ મને ચોખ્ખી
‘ના’ પાડી દીધી ને ઉપરથી બધાએ મારી મજાક ઉડાવી!”



“ઓહ! એમ વાત છે!”
વાંદરો બોલ્યો.



“હા, યાર!
મને તો બહુ જ દુઃખ થયું.”
હાથીભાઈએ રડમસ અવાજે કહ્યું.

“પહેલા તમે રડવાનું બંધ કરો, હાથીભાઈ!”
વાંદરાએ કહ્યું.

“પણ મને ખૂબ દુઃખ થયું! બધા મિત્રોએ રમાડવાની ‘ના’ પાડી એટલે ખૂબ જ ઓછું લાગ્યું મને! ઉપરથી બધાએ મારી મજાક પણ ઉડાવી!”
એમ કહીને હાથીભાઈ તો સાવ ઢીલા પડી ગયા.

વાંદરાએ કહ્યું,
“ના મિત્ર! આમ નિરાશ ન થવાય!
તમે ચાલો મારી સાથે!
આપણે બંને એ બધા મિત્રો પાસે જઈએ!”

“ના, ના! ત્યાં બધાય મારી મજાક કરશે!
હું ત્યાં નહીં આવું!”
હાથીભાઈએ ઢીલા પડતાં કહ્યું.





વાંદરાએ
એમને હિંમત
આપતાં કહ્યું,
**"તમે આવો તો ખરા, મિત્ર!**
**કોઈ તમારી મજાક નહીં કરે!**
**હું છું ને, તમારી સાથે!"**

વાંદરાના આગ્રહથી હાથીભાઈ તેની સાથે ચાલતા થયા. થોડી વારમાં બંને બધાય મિત્રો રમતા હતા ત્યાં પહોંચી ગયા.

હાથીભાઈને જોતાં જ સસલો બોલ્યો,
**"જો આ જાડિયો આવી ગયો પાછો!"**

ને બધાંય હા... હા... હા... કરતાં મોટેથી હસવા લાગ્યાં!

વાંદરાએ કડક અવાજે કહ્યું,

"ખબરદાર! જો કોઈ એક શબ્દ પણ હાથીભાઈ વિશે બોલ્યું છે તો! તમે સૌ સમજો છો શું પોતાની જાતને? આ રીતે કોઈની મજાક કરાતી હશે?! આપણા જ મિત્રને સાથે રમવાની 'ના' પડાય?! આ બધું કરતાં તમને શરમ નથી આવતી?"

વાંદરાની વાત સાંભળીને બધાં ચૂપ થઈ ગયાં!

"હાથીભાઈ આપણા સૌના મિત્ર છે! તમે એમના વિશે જેમતેમ બોલો છો; એ યોગ્ય ન કહેવાય!"



“મજાક તમારાં બધાંયની થઈ શકે છે! સસલાના કાન જુઓ; કેવા લાંબા છે! ઊંટના હોઠ જુઓ; કેવા નીકળી આવ્યા છે! આ બધી બાબતે કોઈ તમારી મજાક ઉડાવે તો તમને ગમશે? બોલો!”

વાંદરાએ આટલું કહ્યું ત્યાં સસલો આગળ આવીને નીચું જોઈને બોલ્યો,
“સૉરી! મારી ભૂલ થઈ ગઈ!”

“સૉરી! મારી પણ ભૂલ થઈ ગઈ!”
ઊંટ બોલ્યું.



પછી તો બધાંય ‘સૉરી’ બોલીને માફી માગવા લાગ્યાં!

વાંદરાએ સૌને કહ્યું,
“ઠીક છે, ચાલો! તમને બધાંને પોતાની ભૂલ સમજાઈ ગઈ;
એ સારી વાત છે!”

“હા, હા, અમને અમારી ભૂલ સમજાઈ ગઈ છે!
હવેથી અમે આવું ક્યારેય નહીં કરીએ!”
બધાંય એકસાથે બોલ્યાં.

“સરસ! ખરેખર તો કુદરતે આપણને સૌને ખૂબ સુંદર જ
બનાવ્યાં છે! ને આપણા હાથીભાઈ તો સૌથી સુંદર છે!”



એટલું કહીને વાંદરાએ એક ગીત ઉપાડતાં કહ્યું,
“ચાલો, બધાંય મારી સાથે ગાવ,

*હાથીભાઈ તો હૅન્ડસમ!*
*હોય ભલે ને જાડાભમ!*
*મસ્ત-મજાની સૂંઢ છે!*
*સુંદર, નાની પૂંછ છે!”*

વાંદરાની સાથે બધાંય ગાવા લાગ્યાં.
આ સાંભળીને હાથીભાઈ તો ખૂબ જ ખુશ થઈ ગયા!
ને પછી સૌ મિત્રો સાથે મળીને રમવા લાગ્યા!

